DCB BANK

## ડીસીબી મોબાઇલ બેંકિંગ એપ્લિકેશન

## વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)

**1) ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ શું છે? મારે શા માટે તેના માટે અરજી કરવી જોઈએ?**

ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ એપ સુવિધાથી તમે તમારા મોબાઇલ ફોન અથવા ટૅબ દ્વારા કોઈપણ સમયે બેન્કિંગ સેવાઓનો ઉપયોગ કરી શકો છો. સેવિંગ બેંક એકાઉન્ટ, કરન્ટ એકાઉન્ટ, ઇન્સ્ટન્ટ ફંડ ટ્રાન્સફર, એકાઉન્ટ ટ્રાન્ઝૅક્શન જુઓ, નવા ચેક બુકની વિનંતી કરો અને ચેક રોકોની વિનંતીની સુવિધા સાથે બેન્કિંગનો આનંદ માણો.

**2) હું એપ કેવી રીતે મેળવી શકું?**

પ્લેસ્ટોર અથવા એપસ્ટોરમાંથી ડીસીબી મોબાઇલ બેન્કિંગ એપ ડાઉનલોડ કરો અને ઇન્સ્ટૉલ કરો. તમારા ડીસીબી ડેબિટ કાર્ડ અથવા ડીસીબી ઇન્ટરનેટ બેન્કિંગની લૉગ-ઇન વિગતો અથવા અસ્થાયી પિન સાથે એપ પર રજિસ્ટર કરો.

**3) હું તેના માટે કેવી રીતે રજિસ્ટર કરી શકું??**

તમે ડીસીબી ડેબિટ કાર્ડ અથવા ડીસીબી ઇન્ટરનેટ બેન્કિંગ વિગતો અથવા અસ્થાયી પિનનો ઉપયોગ કરીને ડીસીબી મોબાઇલ બેન્કિંગ એપ માટે તરત જ રજિસ્ટર કરી શકો છો.

**4) અસ્થાયી પિન શું છે?**

જે ગ્રાહકોને ડીસીબી બેંક તરફથી ડીસીબી ડેબિટ કાર્ડ અથવા ડીસીબી ઇન્ટરનેટ બેન્કિંગ લૉગ-ઇન મળ્યા નથી, તેઓ ડીસીબી મોબાઇલ બેન્કિંગ માટે રજિસ્ટર કરવા માટે સહી કરેલ ગ્રાહક વિનંતી ફોર્મ સબમિટ કરી શકે છે. કૃપા કરીને આ માટે ડીસીબી બેંકની કોઈપણ બ્રાન્ચની મુલાકાત લો. બેંક 4 થી 7 કાર્યકારી દિવસોમાં રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર અસ્થાયી પિન અને ઇમેઇલ મોકલશે

**5) એમપિન શું છે?**

એમપિન એક પિન છે, જેનો ઉપયોગ મોબાઇલ બેન્કિંગ દ્વારા તમારા ડીસીબી બેંક એકાઉન્ટના ઍક્સેસ માટે કરવામાં આવે છે

**6) જો હું મારો એમપિન ભૂલી જાઉં અથવા યૂઝર આઇડી લૉક હોય તો શું થશે?**

તમે એપ પર એમપિન ભૂલી ગયા/ નવા યૂઝર વિકલ્પનો ઉપયોગ કરીને મોબાઇલ બેન્કિંગ માટે ફરીથી રજિસ્ટર કરી શકો છો. નવો એમપિન બનાવવા માટે તમારા ડીસીબી ડેબિટ કાર્ડ અથવા ડીસીબી ઇન્ટરનેટ બેન્કિંગ વિગતોનો ઉપયોગ કરો.

**7) શું હું હમણાં ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગનો ઉપયોગ કરવાનું શરૂ કરી શકું?**

હા

**8) જો એમપિન ના હોય અથવા રજિસ્ટ્રેશન ના થાય તો મારે શું કરવું જોઈએ?**

કૃપા કરીને 8 am – 8pm IST દરમિયાન ઉપલબ્ધ ડીસીબી ગ્રાહક સેવા કેન્દ્રનો સંપર્ક કરો.

ઉપરાંત, ડીસીબી કાર્ડના ગ્રાહકો ઇમરજન્સી સેવાઓ માટે 24x7 ડીસીબી ગ્રાહક સેવાને ઍક્સેસ કરી શકે છે.

નિવાસી ભારતીયો ડીસીબી ગ્રાહક સેવા કેન્દ્રનો અહીં સંપર્ક કરી શકે છે: 022-68997777 અથવા 040-68157777

એનઆરઆઇ ગ્રાહકો અહીં સંપર્ક કરી શકે છે + 91 22 61 271000

**9) શું હું મોબાઇલ બેન્કિંગ માટે મારો એમપિન બદલી શકું છું?**

હા, એકવાર ઍક્ટિવેટ થયા પછી તમે એમપિન બદલી શકો છો.

**10) હું ડીસીબી બેંકના મોબાઇલ બેન્કિંગમાં કઈ સેવાઓનો ઉપયોગ કરી શકું છું?**

* એકાઉન્ટનો સારાંશ
* પૂછપરછ
* એકાઉન્ટ બૅલેન્સ
* ફિક્સ્ડ ડિપોઝિટની વિગતો
* મિની સ્ટેટમેન્ટ (પાછલા 10 ટ્રાન્ઝૅક્શન માટે)
* પાસબુક સ્ટેટમેન્ટ (પાછલા 1 મહિનામાં તમામ ટ્રાન્ઝૅક્શન)
* ફિક્સ્ડ ડિપોઝિટ બુક કરો
* પ્રાપ્તકર્તાને મેનેજ કરો
* ફંડ ટ્રાન્સફર
* તમારા ડીસીબી બેંક એકાઉન્ટમાં
* અન્ય ડીસીબી બેંક એકાઉન્ટ ધારકોને
* આઇએમપીએસ (લાભાર્થી એકાઉન્ટ નંબર અને આઇએફએસસીનો ઉપયોગ કરીને)
* એનઇએફટી
* બિલની ચુકવણી
* બિલર ઉમેરો અને હટાવો

* યુટિલિટી બિલની ચુકવણી કરો
* કાર્ડ
* અસ્થાયી બ્લૉક અને અનબ્લૉક કરો
* આંતરરાષ્ટ્રીય અને ઘરેલું ટ્રાન્ઝેક્શન મેનેજ કરો
* કાર્ડની મર્યાદા મેનેજ કરો
* પિન બનાવો
* ગોલ્ડ લોન
* વિનંતીઓ
* ચેક બુક
* ચેક રોકો
* વ્યાજ પ્રમાણપત્ર
* એમપિન બદલો
* એટીએમ અને બ્રાંચ લોકેટર
* અમારો સંપર્ક કરો

**11) ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગમાં કયા પ્રકારના એકાઉન્ટ ઉપલબ્ધ છે?**

તે નીચે મુજબના એકાઉન્ટને સપોર્ટ કરે છે:
સેવિંગ એકાઉન્ટ
કરન્ટ એકાઉન્ટ
ઓવરડ્રાફ્ટ એકાઉન્ટ
કેશ ક્રેડિટ એકાઉન્ટ

ફિક્સ્ડ ડિપોઝિટ (એકાઉન્ટ સારાંશ, બૅલેન્સ પૂછપરછ અને ફિક્સ્ડ ડિપોઝિટને ટ્રૅક કરો)

**12) શું ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ એ મોબાઇલ એલર્ટથી અલગ છે?**

હા, ખરેખર! ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ તમને મોબાઇલ ઍલર્ટ કરતાં વધુ સુવિધાઓ આપે છે. સૌપ્રથમ, તમે પૈસા મોકલી અને પ્રાપ્ત કરી શકો છો; તે બેન્કિંગ કરવાની સંપૂર્ણપણે એક અલગ રીત છે. મોબાઇલ ઍલર્ટ એક એસએમએસ સેવા છે, જેમાં ડીસીબી બેંક તમને એકાઉન્ટ ઍક્ટિવિટી વિશે અપડેટ મોકલે છે. આ ટૅક્સ્ટ મેસેજ તમારા એકાઉન્ટમાં કોઇ ઇવેન્ટ થાય ત્યારે મોકલવામાં આવે છે.

**13) શું મને ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગની જરૂર છે?**

ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ એ બેંક બ્રાન્ચની મુલાકાતની અવેજમાં ઝડપી અને સુવિધાજનક વિકલ્પ છે. તમે સીધા તમારા મોબાઇલ ફોન અથવા ટેબ દ્વારા બેન્કિંગ સંબંધિત બેસિક ઍક્ટિવિટી

કરી શકો છો. ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ એ જીએસએમ મોબાઇલ ફોન સાથે સુસંગત છે અને જીપીઆરએસ ચેનલ પર કામ કરે છે.

**14) શું હું ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ સુવિધાનો લાભ લઈ શકું છું?**

હા, જ્યારે તમે વિદેશમાં મુસાફરી કરી રહ્યા હોવ ત્યારે તમે આ સેવાને ઍક્સેસ કરી શકો છો.

**15) હું ડીસીબી બેંકનો ગ્રાહક નથી, છતાં મને ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ જોઈએ છે.**

ખૂબ જ સરસ! આ સેવાનો લાભ લેવા માટે તમારી પાસે ડીસીબી બેંકનું એકાઉન્ટ હોવું જોઈએ. અમારી સાથે બેંકિંગ શરૂ કરવા માટે તમને જરૂરી ડૉક્યુમેન્ટ અને માપદંડ વિશે જાણકારી આપતા અમને આનંદ થશે.

**16) શું તમે આ સેવા માટે શુલ્ક લો છો?**

ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ સેવા હાલમાં ડીસીબી બેંકના ગ્રાહકોને મફતમાં પ્રદાન કરવામાં આવે છે.

**17) શું હું તરત જ ફંડ ટ્રાન્સફર કરી શકું છું?**

આઇએમપીએસ સાથે, ફંડ તરત ટ્રાન્સફર કરી શકાય છે. ડીસીબી બેંક એકાઉન્ટ અથવા નૉન-ડીસીબી બેંક એકાઉન્ટમાં ફંડ ટ્રાન્સફર કરો. આઇએમપીએસ સુવિધા એનઆરઆઇ ગ્રાહકો માટે લાગુ નથી.

**18) શું નાણાંકીય ટ્રાન્ઝૅક્શન પર કોઈ મર્યાદા છે?**

હા, ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ દ્વારા ફંડ ટ્રાન્સફર માટે દરરોજની મર્યાદા ₹5,00,000 છે. ડીસીબી બેંક લિમિટેડ પોતાના સંપૂર્ણ વિવેકધિકારને આધારે આ મર્યાદાને વધારી અથવા ઘટાડી શકે છે.

**19) શું હું વિદેશમાં હોવ ત્યારે ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગને ઍક્સેસ કરી શકું છું?**

હા, જ્યારે તમે વિદેશમાં મુસાફરી કરી રહ્યા હોવ ત્યારે તમે આ સેવાને ઍક્સેસ કરી શકો છો.

**20) શું હું મારો મોબાઇલ ફોન નંબર બદલી શકું છું?**

જો તમારો મોબાઇલ નંબર બદલાય, તો તરત જ ડીસીબી બેંકને જાણ કરો. તમારે મોબાઇલ ફોન નંબર અપડેટ કરવા માટે એક નવી વિનંતી સબમિટ કરવાની રહેશે.

DCB BANK

**21) ફંડ ટ્રાન્સફર માટે લાભાર્થીને ઉમેરતી/ બનાવતી વખતે હું ઉપનામોનો ઉપયોગ કેવી રીતે કરી શકું?**

ટ્રાન્ઝૅક્શનમાં સરળતા માટે, તમે 'ઉપનામ ઉમેરો' દ્વારા ઉમેરેલ કોઈપણ લાભાર્થીને નામ આપી શકો છો. ઉપનામ આલ્ફાન્યૂમેરિક હોઇ શકે છે અને 6 અક્ષરોની મર્યાદા સાથે તેમાં વિશેષ અક્ષરોનો પણ ઉપયોગ કરી શકાય છે.

**22) મારા મોબાઇલ ફોનમાં ઇન્ટરનેટ ઍક્સેસ છે કે નહીં તે હું કેવી રીતે જાણી શકું?**

તમારા ફોનમાં ઇન્ટરનેટ અથવા ડેટા સર્વિસ ઍક્સેસ છે તેની પુષ્ટિ કરવા માટે તમારા મોબાઇલ સેવા પ્રદાતાનો સંપર્ક કરો. તમારા સેવા પ્રદાતા આ સેવા માટે ફી વસૂલ કરી શકે છે; તમે ફી અને શુલ્ક વિશે તેમને પૂછવાનું ભૂલતા નહીં.

**23) જો ટ્રાન્ઝૅક્શન કરતી વખતે મારો ફોન ડિસ્કનેક્ટ / સ્વિચ ઑફ / બૅટરી સમાપ્ત થઈ જાય તો શું થશે?**

તમે ફરીથી ડીસીબી મોબાઇલ બેન્કિંગમાં લૉગ-ઇન કરી શકો છો અને ટ્રાન્ઝૅક્શન સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે કે નહીં તે તપાસવા માટે તમારી ટ્રાન્ઝૅક્શન હિસ્ટ્રી વેરિફાઇ કરી શકો છો. જો ટ્રાન્ઝૅક્શન કરવામાં આવ્યું ના હોય, તો તમે તેના માટે ફરીથી પ્રયત્ન કરી શકો છો.

**24) જો ટ્રાન્ઝૅક્શન કરતી વખતે મને એસએમએસ અથવા કૉલ આવે તો શું થશે?**

મોટાભાગના હેન્ડસેટ પર, તમે બેકગ્રાઉન્ડમાં મોબાઇલ બેન્કિંગ ચાલુ રાખીને કૉલનો જવાબ આપી શકો છો અથવા એસએમએસ વાંચી શકો છો. તમારો કૉલ સમાપ્ત કર્યા પછી, તમે ફરીથી બેન્કિંગ કરી શકો છો. જો કે, કેટલાક હેન્ડસેટમાં, તમારે ફરીથી લૉગ-ઇન કરવું પડી શકે છે.

**25) જો હું મારો મોબાઇલ ફોન બદલું તો શું થશે?**

જો તમે તમારો મોબાઇલ ફોન બદલો, તો માત્ર નવા હેન્ડસેટમાં ડીસીબી મોબાઇલ બેન્કિંગ એપ ઇન્સ્ટૉલ કરો અને 'નવા યૂઝર અને નવા ડિવાઇસ' પર ક્લિક કરો અને ફરીથી એકવાર રજિસ્ટર કરો.

**26) જો હું મારો મોબાઇલ ફોન નંબર બદલું તો શું થશે?**

તમે તમારો મોબાઇલ નંબર બદલો ત્યારે તરત જ અમને કૉલ કરો. ડીસીબી મોબાઇલ બેન્કિંગ એપનો ઉપયોગ કરવા માટે તમારો નવો મોબાઇલ નંબર બેંક સાથે રજિસ્ટર્ડ હોવો જોઈએ. તમે ડીસીબી બેંકની નજીકની બ્રાન્ચની મુલાકાત લઈને તમારા નવા મોબાઇલ નંબરને રજિસ્ટર અથવા અપડેટ કરી શકો છો.

**27) હું મારો એમપિન ભૂલી ગયો/ ગઈ છું.**

તમે એમપિન દાખલ કરવા માટે 3 વખત પ્રયત્ન કરી શકો છો, જેના પછી તે લૉક થઈ જશે. આ એક સુરક્ષા ફીચર છે. તમે તમારા ડીસીબી ડેબિટ કાર્ડ અથવા ડીસીબી ઇન્ટરનેટ બેન્કિંગ વિગતોનો ઉપયોગ કરીને તમારા એમપિનને રિસેટ કરવા માટે 'એમપિન ભૂલી ગયા છો' વિકલ્પનો ઉપયોગ કરી શકો છો.

**28) ડીસીબી બેંક મોબાઇલ બેન્કિંગ જીપીઆરએસ ચેનલનો ઉપયોગ કરે છે એનો અર્થ શું છે?**

જનરલ પેકેટ રેડિયો સર્વિસ (જીપીઆરએસ) એક નવી નૉન-વૉઇસ વેલ્યૂ એડેડ સર્વિસ છે, જે મોબાઇલ અથવા ટૅબને ઇન્ટરનેટ પ્રોટોકોલ (આઇપી) આધારિત નેટવર્ક પર ડેટા મોકલવા અને પ્રાપ્ત કરવાની સુવિધા આપે છે. જીપીઆરએસ એક ડેટા બેરર છે, જે ઇન્ટરનેટ જેવા ડેટા નેટવર્કના વાયરલેસ ઍક્સેસને સક્ષમ કરે છે, જે યૂઝરને મોબાઇલ ફોનના ઉપયોગ દ્વારા ઇમેઇલ અને અન્ય ઇન્ટરનેટ એપ્લિકેશનોને ઍક્સેસ કરવામાં સક્ષમ બનાવે છે. જીપીઆરએસ સાથે ગ્રાહકો ડેટા નેટવર્ક (ઇન્ટરનેટ) સાથે સતત વાયરલેસ કનેક્શનનો આનંદ માણે છે અને તેમની મનપસંદ વેબસાઇટ, મનોરંજન સેવાઓ અને અન્ય વેબ એપ્લિકેશનોને ઍક્સેસ કરી શકે છે.

**29) મારા દ્વારા કરવામાં ન આવેલા કપટપૂર્ણ વ્યવહારોની જાણ હું કેવી રીતે કરી શકું?**

અનધિકૃત DCB મોબાઇલ બેન્કિંગ/ઇન્ટરનેટ બેન્કિંગ વ્યવહારોની જાણ કરવા માટે નીચેના પગલાં અનુસરો.

કૃપા કરીને DCB બેંક મોબાઇલ બેંકિંગમાં લોગિન કરો > 'ટ્રાન્સફર' > 'ટ્રાન્સફર હિસ્ટ્રી' પર ક્લિક કરો.

નિશ્ચિત ટ્રાન્ઝેક્શન પસંદ કરો જેની તમને ખાતરી છે કે તે કપટપૂર્ણ છે અને '**ફ્રોડની જાણ કરો**' પર ક્લિક કરો.

**30) મને એક પ્રશ્ન છે, મને મદદ જોઈએ છે, મારે શું કરવું જોઈએ?**

કૃપા કરીને ડીસીબી ગ્રાહક સેવા કેન્દ્રનો 022-6899 7777 અથવા 040-6815 7777 પર સંપર્ક કરો અથવા customercare@dcbbank.com પર ઇમેઇલ કરો.

**31) ફરિયાદો દાખલ કરવાની પ્રક્રિયા શું છે?**

ડીસીબી બેંકની ફરિયાદ નિવારણ નીતિ અને પ્રક્રિયા અમારી વેબસાઇટ www.dcbbank.com પર ગ્રાહક કોર્નર વિભાગ હેઠળ ઉપલબ્ધ છે.

*****